# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE
REACHING NATIONS

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXV | AUGUST 2023 | NO: 06


**પવિત્ર બાઈબલ**
**કૃપા કરી આ ભાગ મોઢે કરો**
**પ્રભુની સ્તુતિ થાઓ!!**
**ગીતશાસ્ત્ર ૧૦૩:૮-૧૭**

૮. યહોવા દયાળુ તથા કરુણાળુ છે, તે કોપ કરવામાં ધીમો તથા કૃપા કરવામાં મોટો છે.
૯. તે સદા ધમકી આપ્યા કરશે કરશે નહિ; વળી તે સર્વકાળ કોપ રાખશે નહિ.
૧૦. તે આપણાં પાપ પ્રમાણે આપણી સાથે વર્ત્યો નથી, આપણા અન્યાયના પ્રમાણમાં તેણે આપણને બદલો વાળ્યો નથી.
૧૧. કેમ કે જેમ પૃથ્વીથી આકાશ ઊંચું છે, તેમ તેના ભક્તો પર તેની કૃપા વિશાળ છે.
૧૨. પૂર્વ જેટલું પશ્ચિમથી દૂર છે, તેટલાં તેણે આપણા ઉલ્લંઘન આપણાથી દૂર કર્યા છે.
૧૩. જેમ બાપ પોતાનાં છોકરાં પર દયાળુ છે, તેમ યહોવા પોતાના ભક્તો પર દયાળુ છે.
૧૪. કેમ કે તે આપણું બંધારણ જાણે છે; આપણે ધૂળનાં છીએ એવું તે સંભારે છે.
૧૫. માણસના દિવસો ઘાસ જેવા છે; ખેતરમાંના ફૂલની પેઠે તે ખીલે છે.
૧૬. કેમ કે વા તેના પર થઈને વાય છે, અને તે હતું ન હતું થઈ જાય છે; અને તે ક્યાં હતું એ કોઈને માલૂમ પડતું નથી.
૧૭. પણ યહોવાની કૃપા તેના ભક્તો પર અનાદિકાળથી તે અનંતકાળ સુધી છે, અને તેમના સંતાનોના સંતાનોની સાથે પોતાનું વિશ્વાસુપણું કાયમ રાખે છે.

## આખોરની ખીણ : આશાનુ દ્વાર

**THE VALLEY OF ACHOR:**

**A DOOR OF HOPE!**



**પાળક એન્જેલીના સેલ્વાકુમારી**

ઈસુ ખ્રિસ્તના નામમાં શુભેચ્છાઓ. હું ઈશ્વરની કૃપા માટે આભાર માનું છું, જેઓએ ૨૦૨૩ના પાછલા ૭ મહિનાઓમાં આપણને સંભાળી રાખ્યા છે. કેટલાક માટે, આ વર્ષ કદાચ આશીર્વાદિત બની રહ્યુ હશે, કેટલાક માટે નહિ. કેટલાક માટે, આ વર્ષ તેમના જીવનોમાંનું સૌથી ખરાબ વર્ષ હશે, બીજાઓ માટે તે ઘણું સારું ઉત્પાદકતાવાળુ બની રહ્યુ હશે. દરેક પરિસ્થિતિમાં આપણે જે યાદ રાખવાનું છે તે એ છે કે ઈશ્વર ભલા છે અને તેઓ જે કંઈપણ કરે છે તે સારું કરે છે! તેઓ સઘળી વસ્તુઓ સારા કામ માટે બનાવશે. (સારુ, ખરાબ અને બેડોળ), જો આપણે તેમનામાં આપણી આશા, વિશ્વાસ અને આપણો આત્મવિશ્વાસ રાખીશું તો તેમના સમયમાં, દરેક બાબતો આશીર્વાદિત બની રહેશે, કેમ કે તેઓ વિશ્વાસુ ઈશ્વર અને ભલા પિતા છે.

જ્યારે હું યહોશુઆનું પુસ્તક વાંચી રહી હતી, ત્યારે હું આખોરની ખીણમાં બનેલી ઘટનાથી ઘણી વ્યથિત થઈ ગઈ હતી. એક ઘણી દુ:ખદ અને ભયાવહ વાર્તા. **એક એવુ ઠેકાણું હતુ જ્યાં આખાન અને તેના આખા કુટુંબને પથ્થરે મારીને મારી નાખવામાં આવ્યા હતા. અને અગ્નિમાં બાળ્યા હતા; તેથી સર્વ ઈસ્રાએલ આ ઠેકાણાને આખોરની ખીણ કહેતા હતા.** (યહોશુઆ ૭:૨૫,૨૬).

આખોરની ખીણ, જેનો અર્થ છે, ''મુશ્કેલી'' કે ''દુ:ખ'' અને તે કેવી રીતે ''આશાનું દ્વાર

(અનુસંધાન પાન ૪ પર)




**ઈકો ઓફ હીઝ કોલ**

**ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !**

**પાળક એસ. સામ સેલ્વરાજ સાથે**

**પ્રાર્થના કરવાની એક તક!**

**પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!**

**અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ**


દરરોજ - સવારે ૫.૦૦ વાગે

**તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે**

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## from your dearly beloved brother...

REACHING NATIONS





### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


**CHIEF EDITOR**

Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**ADMINISTRATION**

Bro. N. Prakasam, M.A., General Manager
Dr. Rabinder Boaz, M.S.
Bro. K. Puratchivendan

**EDITORIAL BOARD**

Sis. Jesy Veena Sam
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Dr. A. Richard Samuel, M.A., Ph.D.
Rev. Dr. K.R. Rajasekaran

**EDITOR, PUBLISHER & PRINTER**

Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**E.mail ID**

sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**

www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**

Echo of His Call


**"યહોવા પ્રભુ તને આશીર્વાદ આપો ને તારું રક્ષણ કરો." - ગણના ૬:૨૪**

## જાળ તૂટી ગઈ છે! આ તમારો સમય છે!!

### THE NET BREAKS! THIS IS YOUR TIME!!

ઈશ્વરના ઘણા જ વહાલા બાળકો!

આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના નામમાં અમે તમને પ્રેમી સલામ કહીએ છીએ.

વૈશ્વિક પરિપ્રેક્ષ્ય ધરાવતા, અમે કોઈપણ રીતે ઈસુ ખ્રિસ્તની સુવાર્તા દુનિયાભરમાં સર્વત્ર લઈ જવા ઈચ્છીએ છીએ. અમારી નીચે મુજબની મિનિસ્ટ્રીઓ સીમાઓ પાર આગળ વધી રહી છે.

૧. ૧૬ ભાષાઓમાં પ્રકાશિત **ઈકો ઓફ હીજ કોલ** સામયીક પોસ્ટથી અને ઈમેલ મારફતે.

૨. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો (તામિલ, અંગ્રેજી તથા હિન્દીમાં).

૩. ચર્ચ મિનિસ્ટ્રીઓ (મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચો)

૪. **નહેમ્યા બાઈબલ કોલેજો** (ચેપોક અને સંથોષપુરમ-તામિલ અને વેલાચેરી - હિન્દી).

૫. **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ** (અંગ્રેજી માધ્યમ).

૬. **ઈકો ઓફ હીજ કોલ** છાપખાનું.

૭.**ઈકો ઓફ હીજ કોલ** યૂટ્યુબ ચેનલ જેમાં ઈશ્વરના વચનનો સંદેશો ૫ મિનિટ માટે દરરોજ સવારે તામિલ, તેલગુ, હિન્દી અને અંગ્રેજીનાં અપલોડ કરવામાં આવે છે. રવિવારના સંદેશાઓ પણ અપલોડ કરવામાં આવે છે. ત્યાં બીજા માધ્યમોની મિનિસ્ટ્રીજઓ પણ ચાલે છે.



*પાળક સામ સાથે કેટલાક પદવીધર વિદ્યાર્થીઓ - ૨૦૨૩*

ઉપરોક્ત સર્વ મિનિસ્ટ્રીઓ માટે ઈશ્વરકૃપા આપી રહ્યા છે. આ તમારી પ્રાર્થનાઓ, પ્રોત્સાહનના શબ્દો અને સહાયતા મારફત પૂરવાર થઈ રહ્યું છે. જ્યારે અમે આ મિનિસ્ટ્રી વિશ્વાસપૂર્વક અને પ્રામાણિકતાથી કરી રહ્યા છીએ, ત્યારે શેતાન તેની કપટી યોજનાઓ સાથે હુમલો કરવાનો પ્રયાસ કરે છે, જે વિશે અમે ખુલ્લી રીતે કહી શકતા નથી. શું તમે અમારા માટે પ્રાર્થના કરશો?

અમારી નહેમ્યા બાઈબલ કોલેજોની પ્રવૃતિઓ ઝડપથી વિકાસ પામી રહી છે. જે પ્રભુએ અમને અમારા બાઈબલ અભ્યાસક્રમો પોસ્ટ મારફત (બાઈબલકોર) અને ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો શરૂ કરવામાં સહાય કરી હતી, તેમણે અમને નવા દરરોજના અભ્યાસક્રમો (સાંધ્ય અને નિવાસી) રજુ કરવામાં સહાય કરી છે.

સંથોષપુરમમાં બાઈબલ કોલેજ ફરી શરૂ કરવાના વિષયમાં અમારા **નહેમ્યા બાઈબલ કોલેજો**ના ખાસ મહેમાનો અને ઈશ્વરવિદ્યાના વિદ્વાનોની સભા સંથોષપુરમની અમારી મિનિસ્ટ્રીજના કેમ્પસમાં તરીખ ૪ જૂને ભરાઈ હતી.



*નહેમ્યા બાઈબલ કોલેજ : સંથોષપુરમ – ખાસ સભા*

પ્રાર્થનાસહિત એ પણ નક્કી કરવામાં આવ્યું કે અમારા સંથોષપુરમ કેમ્પસમાં ત્રીજી **નહેમ્યા બાઈબલ કોલેજ** શરૂ કરવામાં આવે અને ત્યાં C.Th, Dip.Th. અને B.Th. ના અભ્યાસક્રમોની રજુઆત કરવામાં આવે અને તેથી અમે સક્રિયરીતે તે કામમાં સામેલ થયા છીએ. ઈશ્વરના લોકો કદાચ તેમના મનોમાં સવાલ ઊભા કરી શકે છે; જ્યારે ત્યાં મિનિસ્ટ્રીમાં ઘણા સંઘર્ષો અને મુશ્કેલીઓ છે તો પછી, નવી મિનિસ્ટ્રી કેમ શરૂ કરવામાં આવી રહી છે? તે ખરું છે કે ઈશ્વર અમારા મનોમાં નવી યોજનામાં સાહસ કરવા ઘણું દબાણ કરી રહ્યા છે. તેથી અમે ચૂપ બેસી નહિ રહી શકીએ. દરેક બાબત પ્રભુની ઈચ્છા મુજબ કરવામાં આવશે. આપણી પાસે એક જ જીવન છે અને તે પણ થોડા વખતમાં પૂરુ થઈ જશે!! તે મારા મનની ઈચ્છા છે કે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને માટે જે કંઈ શક્ય હોય તે કરવું.





પહેલેથી જ અમારી પાસે અમારી મિનિસ્ટ્રીમાં ૨૦૦ જેટલા પૂર્ણ સમયમાં કાર્ય કરનારા કર્મચારીઓ અને ઈશ્વરના સ્વયંસેવકો છે. જો કે અમે કર્મચારીઓ અને નાણાકીય તંગીનો સામનો કરીએ છીએ, તોપણ અમે આ નવી કોલેજ યોજના શરૂ કરવા માટે આગળ વધી રહ્યા છીએ, જે બાઈબલની કલમ પર આધારિત છે, જે કહે છે, કે, **“જુઓ, તેનું મન ગર્વિષ્ઠ થયું છે, તેની અંદર સરળતા નથી; પણ ન્યાયી પોતાના વિશ્વાસથી જીવશે.”** (હબાક્કુક ૨:૪). **“પણ મારો ન્યાયી સેવક વિશ્વાસથી જીવશે; જો તે પાછો હઠે, તો તેનામાં મારા જીવને આનંદ થશે નહિ.”** (હિબ્રુઓને પત્ર ૧૦:૩૮).

લૂકના પુસ્તકના ૫મા અધ્યાયમાં આપણે વાંચીએ છીએ કે કેવી રીતે પ્રભુ ઈસુ ખ્રિસ્તે શિષ્યોને ઘણી બધી માછલીઓ પકડવામાં સહાયતા કરી હતી, જે તેમની ક્ષમતાની બહાર હતી. તેઓએ એટલી બધી માછલીઓ પકડી હતી કે તેમની જાળો ફાટવા લાગી હતી. તેમણે તેમને મદદ કરવા બીજા માછીમારોને બોલાવવા પડ્યા હતા. કેમ કે તેઓ પોતાની રીતે તે સંભાળી શકતા નહતા.

**“તેઓના ભાગિયા બીજી હોડીમાં હતા. તેઆને તેઓએ ઈશારો કર્યો કે, તેઓ આવીને તેઓને સહાય કરે; તેઓએ આવીને બન્ને હોડીઓને અવી ભરી કે તેઓ ડૂબવા લાગી.”** (લૂક ૫:૭).

તેવી જ રીતે, યહોવા પ્રભુએ **ઈકો ઓફ હીજ કોલ**ની સર્વ મિનિસ્ટ્રીજને પુષ્કળ પ્રમાણમાં અસંખ્ય ચમત્કારો કરીને અને અમને ખંડણી તરીકે મોટી સંખ્યામાં આત્માઓ આપીને આશીર્વાદો આપ્યા છે.

અમ તમ વાંચકોને આવવા અને અમારી મિનિસ્ટ્રીજને જોવા આમંત્રણ આપીએ છીએ! આવો અને અમારી ઈશ્વરની મિનિસ્ટ્રીજને જુઓ!! તમે જોશે કે અમારો પ્રભુ ઈસુ પરનો વિશ્વાસ કેવી રીતે કાર્ય કરે છે.

જો કે અમારી પાસે નિયમિત નાણાકીય આવક નથી, યહોવા પ્રભુ દરરોજ તેમના



લોકોને સંભાળી રાખે છે, જેઓ તેમનામાં ભરોસો રાખે છે. તેઓ વિશ્વાસુ છે. **“જે તમને આમંત્રણ આપે છે તે વિશ્વસનીય છે, તે એમ કરશે.”** (૧ થેસ્સલોનિકીઓને પત્ર ૫:૨૪).

આત્માઓને લીધે અમારી જાળો ફાટવા લાગી છે. ઘણી બધી મિનિસ્ટ્રીજ કોઈપણ જાહેરાતો વગર! અસંખ્ય ઈશ્વરના સેવકો!! વહીવટ કરતા અમે સંઘર્ષ કરીએ છીએ!! કોઈક રીતે કે બીજી રીતે આવો અને અમારી સાથે જોડાઓ. **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજની તરફ સહાયતાનો હાથ લંબાવો જેની જાળ આત્માઓ સાથે ફાટી રહી છે. ૧૦મી ઓગસ્ટે **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજ ૫૫મા વર્ષમાં પ્રવેશી રહી છે. તેમની સર્વકાળની કૃપા અત્યાર સુધી અમારી મિનિસ્ટ્રીજનું સંચાલન કરી રહી છે. કૃપા કરીને પ્રાર્થના કરી કે અમારી સમસ્યાઓ દૂર થાય અને તકલીફો જલદીથી બદલાય. કૃપા કરીને સહાય કરશો.

જે કંઈ તમારીથી શક્ય હોય તે કરો! તમને જે કરવા માટે પ્રેરણા થાય તે કરો!!

ઈશ્વરની કૃપા તમ સાથે રહો.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ

(+91) 98412 71858 / 98410 71858,

E.mail : samselvaraj333@gmail.com

(પાન ૧થી આગળ...)

બની હતી. પીડા, મુશ્કેલી, નિષ્ફળતા, શાપ, મરણ, વિનાશ અને નિરાશાની એક જગ્યા – કેવી રીતે તે આશા, નવુ જીવન અને નવી શરૂઆતની જગ્યામાં બદલાઈ ગઈ? હું જાણતી નથી કે તમારામાના કેટલા આ વાંચી રહ્યા છે, પણ હમણા હું અત્યારે આખોરની ખીણમાં છું જ્યાં સર્વ મરણ પામ્યું છે અને જતું રહ્યું છે અને કંઈપણ મારા માટે કામ કરી રહ્યું નથી, હું છોડી દેવાની આરે છું. ત્યા ધીરજ રાખવાનો કોઈ અર્થ નથી. મેં પ્રયત્ન ર્ક્યો હતો, પણ અફસોસ! ત્યાં આગળ જવાનો કોઈ માર્ગ નથી. મારી પાસે તમારા માટે સારા સમાચારો છે. તે ખીણ જે નિષ્ફળતાની અને વિનાશ તરીકેની પ્રતીક હતી, તે આશાનુ દ્વાર બની ગઈ છે અને હું પ્રાર્થના કરું છું કે તેજ ઈશ્વર તમારું જીવન વધુ સુંદર, રંગીન અને અર્થપૂર્ણ બનાવશે. તેઓ ઈશ્વર છે અને તેઓ શૂન્યમાંથી પણ મોટી બાબતો કરી શકે છે.

આવો આપણે પહેલા આખોરની ખીણનું મહત્વ જોઈએ. તેને માટે, આપણે પાછલી લડાઈ વિશે સમજવાની જરૂર છે. યહોશુઆની નવી આગેવાની હેઠળ યરીખોની લડાઈ યહોશુઆ માટે અને ઈસ્રાએલ પુત્રો માટે મહત્વનો વિજય હતો. તેમની સમજની બહાર, કંઈક દ્વારા, તેઓ ઈશ્વરના અલૌકિક સામર્થ્યનો અનુભવ કરી શક્યા હતા. તે વિજય માનવીય શક્તિથી પર હતો. તેઓએ જોયું હતું કે કેવી રીતે ઈશ્વર પોતે તેમને માટે લડ્યા હતા. એકવાર તેઓએ મોટા વિજયનો અનુભવ કર્યા પછી, તેઓ આત્મસંતોષી બની ગયા હતા, જેમ આપણે પણ બની જઈએ છીએ. જ્યારે આપણે ઈશ્વરના આશીર્વાદ મેળવીએ છીએ, ત્યારે આપણે આરામદાયક બની જઈએ છીએ, આપણે તે ભૂલી જવાની વૃતિ રાખીએ છીએ કે તે આશીર્વાદનો સ્રોત કોણ છે અને તે આશીર્વાદમાં સ્વાદનો આનંદ માણીએ છીએ, એ જાણ્યા વગર કે તેજ આશીર્વાદ આપણા માટે ફાંદો પણ બની શકે છે. આવો આપણો આશીર્વાદ આપણા માટે ફાંદો ન બને! તેવી ઈશ્વરના લોકો યરીખો પરના મોટા વિજય પછી, આય સામે લડાઈ કરવા જઈ રહ્યા હતા, જે પ્રમાણમાં એક નાનું નગર હતું. તેઓએ હમણા જ શક્તિશાળી યરીખો સામેની લડાઈમાં જીત મેળવી હતી, તેથી તેઓ નાના, બીનમહત્વના આય સામે લડવામાં અચકાયા ન હતા. એ ભૂલી જઈને કે તેમની પાછલી લડાઈમાંનો વિજય ઈશ્વર તરફથી આવ્યો હતો, નહિ કે તેમના પોતાના બળ પર. હવે તેઓએ આય સામે જવા અને લડવાનું નક્કી ર્ક્યુ હતું. તે એક મોટી હોનારત બનીને આવ્યું હતું.

**''અને લોકોમાંથી આસરે ત્રણ હજાર પુરુષો ત્યાં ગયા પણ આયના માણસોની આગળથી તેઓ નાઠા અને આયના માણસોએ તેઓમાંના આસરે છત્રીસ માણસ માર્યા; અને તેઓએ ભાગળ આગળથી તે છેક શબારીમ સુધી તેમની પાછળ પડીને ઊતરવાની જગા આગળ તેમને માર્યા; અને લોકોનાં હૃદય પીગળીને પાણી જેવા થઈ ગયા.''** (યહોશુઆ ૭:૪,૫).

લોકોના હૃદય ભયથી પીગળી ગયા હતા. એક પળે તેઓ યરીખો પરના વિજયને લીધે

(આગળ પાન ૬ પર...)

## ખાસ સમાચારો!

૨૦૨૨-૨૦૨૩ માટેનો અમારો **નહેમ્યા બાઈબલ કોલેજો**નો પદવીદાન સમારોહ ૩જી જૂને, પૂરાસાવાલાકામાના બીકેએન કેમ્પસમાં યોજાયો હતો. બાવીસ (છોકરાઓ અને છોકરીઓ) પદવીધર થયા હતા અને તેઓને મિશન વિસ્તારોમાં મોકલવામાં આવ્યા હતા.

ચેન્નાઈના ચેપોકમાં અને વેલાચેરીમાં, **નહેમ્યા બાઈબલ કોલેજો** પાછલી ૫મી જૂનથી તામિલ અને હિન્દીમાં શરૂ થઈ ગઈ છે.

અમારા સંથોષપુરમ કેમ્પસમાં અમારી **નહેમ્યા બાઈબલ કોલેજો** તામિલમાં ૩જી જુલાઈથી શરૂ થઈ ગઈ છે.

અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ** નીચલા ધોરણો માટે ૧૨મી જૂનથી અને ઉપલા ધોરણો માટે ૧૪મી જૂનથી શરૂ થઈ ગઈ છે. નવા વિદ્યાર્થીઓ સ્કૂલમાં પ્રવેશ મેળવી રહ્યા છે.

**ભાઈઓ, અમારા માટે પ્રાર્થના કરશો.** (૧ થેસ્સલોનિકીઓને પત્ર ૫:૨૫)


# नहेम्याह बाइबल कॉलेज
## रेसिडेन्शल कॉलेज, चेन्नई।

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE
REACHING NATIONS

माध्यमः हिन्दी

सदस्यता के लिए पंजीकृत उम्मीदवार - ATA

Regd. Candidate for Membership ATA NEHEMIAH BIBLE COLLEGE CHENNAI ECHO OF HIS CALL Estd. 1969

सुविख्यात अंतर्राष्ट्रीय मसीही अगुवे तथा पिछले 53 वर्षों से सेवारत वरिष्ठ पासवान

Diploma in Ministry : One year
Diploma in Theology : Two years
Bachelor of Theology : Three years

योग्यता 10 वी या अधिक
जल्दी करें!

**Contact : The Chairman, Nehemiah Bible College.**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

✶ ऑनलाइन कक्षाएं उपलब्ध हैं ✶

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ ઓગસ્ટ ૨૦૨૩ થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ ઓગસ્ટ :** ૩જી જુલાઈ ૨૦૨૩થી સંથોષપુરમમાં **નહેમ્યા બાઈબલ કોલેજ** શરૂ કરવામાં અમને આશીર્વાદિત કરવા માટે.

**૨૦ ઓગસ્ટ :** **નહેમ્યા બાઈબલ કોલેજ**માં B.Th. નો અભ્યાસક્રમ શરૂ કરવામાં અમને આશીર્વાદિત કરવા માટે.

**૨૧ ઓગસ્ટ :** અમારા **નહેમ્યા બાઈબલ કોલેજો** ચેપોક, વેલાચેરી અને સંથોષપુરમ માટે નવા આચાર્ય રેવ. જોન સ્ટેનલીની નિમણુક કરવા માટે.

**૨૨ ઓગસ્ટ :** કેન્દ્ર સરકારની ઔપચારિકતાઓમાં તેમની દોરવણી અને ૧૬ ભાષાઓમાં અમારા પ્રકાશનો માટે ભારતના નોંધાયેલા અખબાર માટેની ઈ-ફાઈલિંગમાં દોરવણી માટે.

**૨૩ ઓગસ્ટ :** એક મનના થઈને પોતાની ફરજો બજાવતા સમર્પિત કર્મચારીઓ અમને પૂરા પાડવાના આશીર્વાદો માટે.

**૨૪ ઓગસ્ટ :** ભાઈ ઈન્દ્રજીત રોયને તેમની હાલની માંદગીમાંથી સુધારો આપવામાં સહાય કરવા માટે.

**૨૫ ઓગસ્ટ :** અમને નૈતિકતાથી અને આર્થિકતાથી સહાય કરનારા ભાગીદારો સાથે અમને આશીર્વાદિત કરવા માટે.

**૨૬ ઓગસ્ટ :** અમારી ૫૫મી વર્ષગાંઠની ઉજવણી જે ૧૦મી ઓગસ્ટ ૨૦૨૩ના રોજ થઈ હતી, તેને આશીર્વાદિત કરવા માટે.

**૨૭ ઓગસ્ટ :** અમારા મુખ્ય ચર્ચમાંના છોકરીઓ અને છોકરાઓના જુવાનોની સંગતને આશીર્વાદિત કરવા માટે.

**૨૮ ઓગસ્ટ :** અમારા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજના આત્મકથાનાં કાર્યને આશીર્વાદિત કરવા માટે.

**૨૯ ઓગસ્ટ :** અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ**ના ફેકલ્ટીને અને તેમના કુટુંબના સભ્યોને આશીર્વાદિત કરવા માટે.

**૩૦ ઓગસ્ટ :** સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલના આચાર્ય, કર્મચારીઓ અને વિશ્વાસીઓને આશીર્વાદિત કરવા માટે.

**૩૧ ઓગસ્ટ :** અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનના ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પરની તેમની દયા માટે.

**૦૧ સપ્ટેમ્બર:** અમારી મિનિસ્ટ્રીને સમર્પિત સહસંપાદકોથી આશીર્વાદિત કરવા માટે જેઓ **ઈકો ઓફ હીજ કોલ** સામયિક મિનિસ્ટ્રીને સહાય કરી રહ્યા છે.

**૦૨ સપ્ટેમ્બર:** અમારા ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજને બહારી સહાયતા, પ્લેટ બનાવનારાઓ, પ્લેટ ગ્રાંઈડરો, સ્ક્રીન પ્રિન્ટરો વગેરેથી આશીર્વાદિત કરવા માટે.

**૦૩ સપ્ટેમ્બર:** અમારા સર્વ કાર્યાલય સભ્યોને અને તેમના કુટુંબોને સુરક્ષિત રાખવા માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ સપ્ટેમ્બર:** અમારા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોને સર્વ દુષ્ટ પરિબળોથી સુરક્ષિત રાખવા માટે.

**૦૫ સપ્ટેમ્બર:** અમારા ટેક્નીકલ કાર્યકરો જેવા કે, છાપખાના ચલાવનારાઓ, વાહન વાહકો અને કોમ્પ્યુટર ચલાવનારાઓ માટે.

**૦૬ સપ્ટેમ્બર:** એવા ખ્રિસ્તીઓના પૂર્નવસન માટે જેઓ તેમના પરના હુમલાને લીધે સહન કરી રહ્યા છે.

**૦૭ સપ્ટેમ્બર:** અમારા સાંધ્ય અને નિવાસી **નહેમ્યા બાઈબલ કોલેજો** માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે લાયક વિદ્યાર્થીઓના પ્રવેશ માટે.

**૦૮ સપ્ટેમ્બર:** અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ**ના સહ કાર્યકરો, જેઓ શિક્ષણમાં અને અભ્યાસક્રમના સામગ્રીના અનુવાદમાં સંકળાયેલા છે, તેમને માટે.

**૦૯ સપ્ટેમ્બર:** ખ્રિસ્તી ઉપદેશકો સુર્વાતાને યોગ્ય રીતે કોઈપણ જાતની ભેળસેળ વગર શીખવાડી શકે તે માટે.

**૧૦ સપ્ટેમ્બર:** કેદખાનામાં જે ઈશ્વરના સેવકો સેવા આપે છે, તેમને માટે.

**૧૧ સપ્ટેમ્બર:** પૃથ્વી પર તેમના રાજ્યને બાંધવામાં અમને દર્શન આપવા માટે.

**૧૨ સપ્ટેમ્બર:** **ઈકો ઓફ હીજ કોલ**ની જુવાનો માટેની અને બહારી મિનિસ્ટ્રીજને માટે.

**૧૩ સપ્ટેમ્બર:** દરેક નશા બંધાણીની મુલાકાત લેવા અને દુષ્ટતા કરનારાઓ પસ્તાવો કરે તે માટે.

**૧૪ સપ્ટેમ્બર:** સર્વ ખ્રિસ્તી સંસ્થાઓ અને મંડળીઓ પરના આશીર્વાદ અને સુરક્ષા માટે.

**૧૫ સપ્ટેમ્બર:** મહીલાઓ અને બાળકો સામેની હિંસામાં ઈશ્વરની સુરક્ષા માટે.

**૧૬ સપ્ટેમ્બર:** અમારા વડિલ પાળકને તેમની આત્મકથાને લખવામાં મંજૂરી આપવાની તેમની મહાનતા માટે.

**૧૭ સપ્ટેમ્બર:** ઈકો ઓફ હીજ કોલના મુખ્ય ચર્ચના અને શાખા ચર્ચોના વિશ્વાસીઓ અને તેમના કુટુંબોના કલ્યાણ માટે.

**૧૮ સપ્ટેમ્બર:** અમારા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજને તેમની બહુવિધ મિનિસ્ટ્રીજને નવા દર્શનો સાથે આશીર્વાદિત થાય તે માટે.

(પાન ૪ પરથી આગળ...)

ઈશ્વરની ભલાઈનો આનંદ મણી રહ્યા હતા, પછી અચાનક એક નાના નગરે તેમને નસાડી મૂક્યા હતા અને તેમનો તદ્દન નાશ કર્યો હતો. હવે તેઓ મોટા ભયમાં બેસી ગયા. યહોશુઆ સમજી ન શક્યો કે શું ખોટું થયું હતુ, તેથી તે ઈશ્વરની પાસે ગયો અને યહોવા પ્રભુના કરારકોશની આગળ ઊંધો પડી ગયો. ત્યાં ઈશ્વરની હજૂરમાં જવા કરતા કોઈ બીજી સારી જગ્યા નથી. જ્યારે આપણે સંઘર્ષો, લડાઈઓ અને પીડાઓનો સામનો કરીએ છીએ જે આપણે સંભાળી શકતા નથી, ત્યારે આપણે ઈસુની આગળ જવાની અને તેમના પગમાં પડી જવાની જરૂર છે. તોપણ, મોટા ભાગના સમયમાં આપણે આ મૂલ્યવાન જગ્યાને ભૂલી જઈએ છીએ અને આપણા મિત્રોની અને કુટુંબની સાથે બોલવાનું નક્કી કરીએ છીએ, સેવકોને બોલાવીએ છીએ- મને ખોટી ન સમજતા, તે કરવામાં કંઈ પણ ખોટું નથી-પણ આપણી માટે પહેલી જગ્યા છે ઈસુના પગમાં પડી જવાની. તે વાત મરિયમ બરાબર જાણતી હતી. તે કનાની સ્ત્રીની જેમ તેમના પગ આગળ પડી જાઓ, જેણી પોતાની દીકરીના સાજાપણા માટે ઈસુના પગ આગળ પડી ગઈ હતી. યાકૂબે ઈશ્વરના દૂતને પકડી રાખ્યો હતો અને કહ્યું હતું કે જ્યાં સુધી તું મને આશીર્વાદ નહિ આપે ત્યાં સુધી હું તને જવા દઈશ નહિ. જ્યારે તમે વાંચો છો, તમે ઈશ્વર તરફથી કંઈક અપેક્ષા રાખી રહ્યા છો, ત્યારે પહેલા તેમના પગ આગળ પડી જાઓ! માણસના પગ આગળ પડવા કરતા તે સારું છે કે તેમનાં પગ આગળ પડી જઈએ, અને કહીએ, કે ''હે પ્રભુ, જ્યાં સુધી તમે મારા જીવનમાં કંઈક કરશો નહિ, ત્યાં સુધી હું તમને છોડી દઈશ નહિ.''

જ્યારે યહોશુઆ યહોવા પ્રભુના કરારકોશની આગળ પડી ગયો, ઈશ્વર કંઈક કરે તે પહેલાં, ઈશ્વરે યહોશુઆને બતાવ્યું કે ઈશ્વરની કૃપા મેળવવા માટે તેણે શું કરવાની જરૂર છે. તેમની હારનું કારણ - તેને ગુંચવણમાંનો ખૂટતો ભાગ શોધવામાં મદદ કરી હતી. વહાલા મિત્રો, જો તમે તમારા જીવનમાં કંઈક બદલવા માટે ઈશ્વરને પ્રાર્થના કરી રહ્યા છો, તો પ્રથમ ઈશ્વરને પૂછો કે, ''હે પ્રભુ, તે શું છે જે તમે મારામાં બદલવા માંગો છો?'' તમારી પરિસ્થિતિને બદલવા માટે વિનંતી કરતાં પહેલા. **''ત્યારે યહોવાએ યહોશુઆને કહ્યુ કે, ઊઠ; એમ ઊંધો કેમ પડ્યો છે? ઈસ્રાએલે પાપ કર્યું છે!... એ કારણથી ઈસ્રાએલપુત્રો તેમનાં શત્રુઓની આગળ ટકી શકતા નથી...''** (યહોશુઆ ૭:૧૦-૧૨).

આ અપત્તિ અનુભવવાનું કારણ આપવા માટે ઈશ્વર યહોશુઆ સાથે ઘણા જ ચોક્કસ હતા. ઈશ્વરે યહોશુઆને સમાજાવ્યું હતું કે તે એક માણસની આજ્ઞાભંગતા હતી, જે સમગ્ર દેશની હારનું કારણ બન્યું હતું. તેઓ ઈશ્વરની સૂચનાઓનું સંપૂર્ણપણે પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા. વહાલા મિત્રો, ઈશ્વરની ઈચ્છા અને મરજી સાથે આપણા જીવનોને જોડાયેલા રાખવા માટે આજ્ઞાપાલન એક મહત્વનું તત્વ છે. યજ્ઞ કરતા આજ્ઞાપાલન સારું છે, આંશિક રીતે નહિ પણ સંપૂર્ણ આજ્ઞાપાલન સારું છે, આંશિક આજ્ઞાપાલન એ સંપૂર્ણ આજ્ઞાભંગ છે! જો ઈશ્વરે તમને કંઈક કરવા કહ્યું છે, તો અચકાશો નહિ, શંકા કરશો નહિ અને પરિણામોનો વિચાર કરશો નહિ, ફક્ત તે કરો!

## આખોરની ખીણ !

### ૧. અપમાન અને લાંછનનું પ્રતીક!

પરીખો વિશેની ઈશ્વરની સૂચના ઘણી સ્પષ્ટ હતી. તેમણે કહ્યું, **''...શાપિત વસ્તુથી તમે પોતાને સર્વ પ્રકારે અલગ રાખો, રખેને તેને શાપિત કર્યા પછી તમે પોતે શાપિત વસ્તુને લો; અને એમ કરીને ઈસ્રાએલની છાવણીને શાપિત કરો, ને તેને હેરાન કરો.''** (યહોશુઆ ૬:૧૮).

પણ આખાને થોડીક વસ્તુઓ લેવાનો વિચાર કર્યો, જે તેની દ્રષ્ટિમાં સુંદર લાગતી હતી અને એટલું જ નહિ, તેણે તે સંતાડી દીધી હતી. દુર્ભાગી આખાને બાબતો જોવાની ઈશ્વરના સામર્થ્યને ઓછું આંક્યું હતું. ઈશ્વર ખરેખર આખાન પર કોપાયમાન થયા હતા! **''લૂંટ માંહે એક સારો શિનઆરી જામો ને બસો શેકેલ રૂપું, ને પચાસ શેકેલ વજનનું સોનાનું એક પાનું જોઈને તેનો મને લોભ લાગ્યો, ને મેં તે લીધાં; અને જુઓ, તે મારા તંબુ મધ્યે ભૂમિમાં સંતાડેલા છે, ને રૂપું તેની નીચે છે.''** (યહોશુઆ ૭:૨૧).

આખાનની પસંદગી અને તેના નિર્ણયને લીધે ગંભીર પરિણામો આવ્યા હતા. તેની મોટી અસર આખાનની પત્નિ અને બાળકો પર પડી હતી - એટલે સુધી કે તેમના પિતાના પાપ માટે તેમને પોતાનો જીવ આપી દેવા પડ્યા હતા. આખી જમાતની નજર સામે તેની પત્નીને અને બાળકોને પથ્થરે મારીને મારી નાખવામાં આવ્યા હતા. તેને કારણે તેના પર જ નહિ, પણ તેના આખા કુટુંબ પર લાંછન લાગ્યું હતું.


# નહેમ્યાહ બાઈબલ સાંધ્ય કોલેજ

ચેપોક તથા સંથોષપૂરમ, ચેન્નાઈ

## માધ્યમ : તામિલ

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર - ATA

આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

Regd. Candidate for Membership ATA NEHEMIAH BIBLE COLLEGE CHENNAI ECHO OF HIS CALL ★ Estd.: 1969

| | | |
|---|---|---|
| Diploma in Ministry | : | One year |
| Diploma in Theology | : | Two years |
| Bachelor of Theology | : | Three years |

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

પ્રવેશ લેવા ઝડપ કરો!

મહેરબાની કરીને સંપર્ક કરો

Contact : The Chairman, Nehemiah Bible College.

10, MOHAMMED ABDULLAH 2ND STREET, BELLS ROAD, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.

Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858

E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

આપણે જે પણ દરોક બાબત ખાનગીમાં કરીએ છીએ, તેના બાહ્ય પરિણામો ગંભીર હોય છે. આખાને વિચાર્યુ હતું કે તેણે ગુપ્તમાં ચોરી કરી હતી અને ગુપ્તમાં સંતાડ્યું હતું. પણ ઈશ્વર તે બહાર પ્રકાશમાં લાવ્યા હતા. અને આખાનને અને કુટુંબને શિક્ષા થઈ હતી. આપણે જે કંઈ ગુપ્તમાં કરીએ, તે વિશે આવો આપણે સાવચેત રહીએ. "**કેમ કે દરેક ભલી કે ભૂંડી ગુપ્ત વાત સુધ્ધાં દરેક કામનો દેવ ન્યાય કરશે.**" (સભાશિક્ષક ૧૨:૧૪). આ બાબતને ઈશ્વરની માફી માગવાની તક તરીકે લેવા માટે એક મિનિટ લો, કે જેથી આપણા ગુપ્તમાંના કામોને લીધે આપણા બાળકો અસર ન પામે.

આપણું કાર્ય એક વ્યક્તિ સાથે પૂરૂ થતું નથી. તેની એક મોટી અસર હોય છે. મારી પસંદગીઓ, મારા નિર્ણયો અને મારી આજ્ઞાભંગતા આવનાર પેઢીઓ પર ઘણી મોટી અસર પાડી શકશે. તોપણ, કાલવરીના વધસ્તંભને માટે ઈશ્વરનો આભાર. "**કેમ કે જેમ એક માણસના આજ્ઞાભંગથી ઘણાં પાપી થયાં, તેમ જ એકના આજ્ઞાપાલનથી ઘણા ન્યાયી ઠરશે.**" (રોમનોને પત્ર ૫:૧૯)

હું આખાનની વાર્તાને તેના કુટુંબના પરિક્ષ્યેપથી જોઈ રહી હતી. આ પરિસ્થિતિને માટે તેના બાળકો અને તેની પત્નિ શું વિચારતા હશે? આ પાપમાં તેમની ભાગીદારી વિશે કશું કહેવામાં આવ્યું નથી. તેથી, શંકાના લાભ માટે, આવો આપણે એમ માની લઈએ કે તેઓ આ વિશે કશું જાણતા નહતા. એક સુંદર સવારે, આખો દેશ તમને બહાર કાઢવા આવ્યા હતા. આરોપી, અપમાનિત અને એવી કોઈ બાબત માટે શરમ અનુભવો કે જેનો તમે ભાગ ન હતા કારણ કે તે બીજા કોઈકની ભૂલ હતી.

તમે કદાચ આ વાંચી રહ્યા છો, ત્યારે તમે કદાચ વિચારો કે હું આ પરિસ્થિતિમાં છું કે બીજા કોઈની ભૂલને કારણે, તેને માટે મને કેમ શિક્ષા થવી જોઈએ? આ કેટલું યોગ્ય છે? કેમ ઈશ્વર આ માટે કંઈ કરતા નથી?

બીજી તરફ, તેઓએ કદાચ કંઈક જોયુ હોય – તેઓએ જોયું હોય કે તે કંઈક સંતાડી રહ્યો હતો, પણ તે બદલ તેઓ ચૂપ રહ્યા હોય. હું વિચારું છું કે, "મારે શું કરવું છે?" આ એક મૌન ભાગીદારી છે. કેટલીક વખત આપણે તે સમજવાની જરૂર છે ક જ્યારે કોઈ બાબત યહોવા પ્રભુની વિરુધ્ધ થઈ રહી હોય, ત્યારે આપણે ચૂપચાપ બેસી રહી શકતા નથી. જે સત્ય છે, તેને માટે આપણે ઊભા રહેવું જોઈએ.

આખાનના પાપને લીધ ઈસ્રાએલપુત્રો દોષી ઠર્યા હતા. ફક્ત એક માણસે આજ્ઞાભંગતા કરી હતી પણ તેને માટે સંપૂર્ણ ઈસ્રાએલપુત્રોને જવાબદાર ઠરાવવામાં આવ્યા હતા. એક માણસના ઉલ્લંઘનને લીધે કેમ આખા દેશને ઈશ્વરે સજા કરવી જોઈએ? પાપ જગતમાં કેવી રીતે આવ્યું હતું? તે એક માણસાના આજ્ઞાભંગને કારણે, અને તેની અસર આખા જગત પર થઈ હતી. પણ ઈશ્વરનો આભાર કે એક માણસના આજ્ઞાપાલનના કારણે, (ઈસુ ખ્રિસ્ત) આપણને તારણ પ્રાપ્ત થયું છે! આખાનના પાપની ઊંડી અસર આખી જમાત પર પડી હતી!

## ૨. સંતાયેલા પાપનું પ્રતીક !

આખાનની આજ્ઞાભંગતા તેને તેના પાપને સંતાડવા તરફ દોરી લઈ ગઈ હતી. તેનો લોભ, લાલચ વગેરેને માટે ફક્ત તેના જ જીવની કિંમત ચૂકવવી પડી ન હતી પણ તે તેના કુટુંબને પણ ચૂકવવી પડી હતી. ઈશ્વર દરેક બાબત જાણે છે, જે ગીતકર્તા


## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્ર્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્ર્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુર્વાતિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્ર્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**



The Chairman, Nehemiah Bible College,
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in



## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તમના ઘરે વિના મૂલ્ય મોકલશું.



## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)




### BELIEVE HIM FOR MIRACLES!

**"જેણે આપણી દીનાવસ્થામાં આપણને સંભાર્યા તેની સ્તુતિ કરો, કેમ ક તેની કૃપા અનંતકાળ છે."** (ગીતશાસ્ત્ર ૧૩૬:૨૩)

૧૯૭૧ના મારી મિનિસ્ટ્રીના શરૂઆતના દિવસોમાં, મેં ચેન્નાઈમાં ટપાલ કાર્યાલયમાં અરજી કરી અને ટપાલ પેટી નંબર મેળવ્યો જે ૨૯૫૭ હતો. આ તે દિવસોમાં મારા માટે ઘણું જરૂરી હતું કારણ કે મારૂં કોઈ કાયમી સરનામું હતું નહિ.

તે દિવસોમાં મારે ભારે નાણાકીય તાણનો સામનો કરવો પડ્યો કેમ કે મારે મારી મિનિસ્ટ્રીયલ પ્રવૃત્તિઓ મારા માસિક પગારમાંથી ચલાવવી પડતી હતી. ઘણી વખત મારે ભુખ્યા રહેવું પડતુ હતુ અને ઘણી નાણાકીય મુશ્કેલ સમયોનો સામનો કરવો પડતો હતો. પણ ઈશ્વર મારી સાથે હતા અને હું તેમના પર વિશ્વાસ રાખી શક્યો મારી મિનિસ્ટ્રીની અને ઘરની બધી જરૂરીયાતો માટે અને હું મારા પરનો ઈશ્વરનો હાથ જોઈ શકતો હતો.

વર્ષ ૧૯૭૬ના એક પ્રસંગમાં, હું **ઈકો ઓફ હીજ કોલ** સામયિકને છાપવા માટેના ભરણાની ચુકવણી કરવા અસમર્થ હતો. મેં ઘણા દિવસો સુધી પ્રાર્થના કરી અને મને ઈશ્વર તરફથી કોઈ જવાબ મળ્યો નહિ. મારી પાસે બીજો કોઈ સ્રોત હતો નહિ પણ ટપાલ પેટી સુવિધા રદ કરું અને જે ૫૦૦ રૂપિયાની અનામત રકમ મુકી હતી, તે પરત મેળવું,

તેથી હું ટપાલ કાર્યાલયે ગયો અને ટપાલ માસ્તરને મારી ટપાલ પેટી સુવિધા રદ કરવા અને મારી ૫૦૦ રૂપિયાની અમાનત રક્કમ મને પરત કરવાની અરજી આપી. તેમણે મને સમજાવવાના પ્રયત્ન કર્યો કે ટપાલ પેટી સુવિધા મેળવવા માટે કેટલી મુશ્કેલીઓ આવે છે અને મારી અરજી પર કાર્યવાહીમાં વાર લગાડી. હું મારી મુશ્કેલ હાલત માટે ઘણો દુ:ખી હતો. અંતે, ટપાલ માસ્તરે ટપાલ પેટી સુવિધા રદ્દ કરી અને મારી અમાનત રકમ પરત આપી.

પણ જ્યારે હું ટપાલ માસ્તરના ઓરડામાંથી બહાર આવ્યો, ટપાલ કાર્યાલયના એક કર્મચારી સદસ્ય કે જેમનું નામ શ્રી ગોવિંદન હતુ, તેઓ મને મળ્યા અને મને ટપાલ પેટી સુવિધા કરવાનું કારણ પુછ્યું. મેં મારી ખરાબ નાણાકીય પરિસ્થિતિ વિશે તેમની સાથે વાત કરી. તેમણે તરત જ કેટલાક નાણા માટે સગવડ કરી અને ટપાલ માસ્તર પાસે પાછા લઈ ગયા અને ઘણું દબાણ લાવીને તે જ ટપાલ પેટી મને મારી મિનિસ્ટ્રી માટે મેળવી આપી. અમે હજુ પણ તે ટપાલ પેટી સુવિધા અમારી મિનિસ્ટ્રી માટે વાપરીએ છીએ. ઈશ્વરને મહિમા હો!

મારા જીવનના બધા ચઢઉતારોમાં ઈશ્વર ભરોસાપાત્ર રહ્યા છે. તેમણે મારી ગરીબીમાં, માંદગીમાં અને બીજી જરूરિયાતોમાં તેમના દૂતોને મોકલીને મને સહાય કરી છે. તેઓ મહાન ઈશ્વર છે. તે જ ઈશ્વર કોઈના પણ જીવનમાં કોઈ પણ ચમત્કાર કોઈ પણ વખત કરી શકે છે. વહાલા વાંચક, તમે પણ તમારા જીવનમાં ચમત્કાર માટે તેમના પર વિશ્વાસ રાખી શકો છો.

*******

---

ગીતશાસ્ત્ર ૧૩૯માં કહે છે;

**"હે યહોવા, તેં મારી પરીક્ષા કરી છે, અને તું મને ઓળખે છે. મારું બેસવું તથા ઊઠવું તું જાણે છે; તું મારો વિચાર વેગળેથી સમજે છે. મારું ચાલવું તથા સૂવું પણ તું તપાસી જુએ છે, તું મારા બધા માર્ગોનો માહિતગાર છે. કેમ કે, હે યહોવા, તું મારી જીભની બધી વાતો પૂરેપૂરી જાણે છે."** (ગીતશાસ્ત્ર ૧૩૯:૧-૪).

જ્યારે આપણે આપણા પાપ સંતાડીએ છીએ, તેના પરિણામો ગંભીર હોય છે. જે જગ્યામાં તે સંતાડ્યા હોય છે, તેને બહાર પ્રકાશમાં લાવવાની જરૂર છે. **"...તેઓના સર્વ માર્ગો ઉપર મારી નજર છે; તેઓ મારી આગળ છુપાયેલા નથી, ને તેઓનો અન્યાય મારી આંખોથી ગુપ્ત નથી."** (યર્મિયા ૧૬:૧૭).

ઈશ્વર આપણા સંતાડેલા રહસ્યો જાણે છે. આપણે યહોવા પ્રભુની આગળ ખુલ્લા થવાની જરૂર છે. આપણી સાથે આખાનની જેમ વ્યવહાર ન થાય તે માટે તેમની કૃપા આપણા માટે બસ છે. ઈશ્વર આપણા હૃદયોની ઈચ્છાઓ જાણે છે. આપણે જે કંઈ કે શા માટે કરીએ છીએ તેની પાછળનો આંતરિક ઈરાદો, સઘળુ બહાર પ્રકાશમાં લાવવાની જરૂર છે - ભલે તે અંધકારમાં હોય તે પણ. જો આપણે હારની, અપમાનની અને શરમજનક પરિસ્થિતિવાળી જગ્યામાંથી બહાર નીકળવા માંગતા હોઈએ તો, આપણે ઈશ્વરની આગળ શુધ્ધ થઈને આવવાની જરૂર છે. ઈશ્વરની સાથે પ્રામાણિક રહો; જૂના કરારના દિવસોથી, વિપરિત આપણી પાસે ઈસુ ખ્રિસ્તનું રક્ત છે, અને જો આપણે માગીએ તો જ તેઆ આપણા માટે મધ્યસ્થી કરશે અને આપણને ધોઈને શુધ્ધ કરશે.

**આખાને જવાબ આપ્યો હતો, "અને**

**આખાને યહોશુઆને ઉત્તર આપ્યો, ખરેખર, ઈસ્રાએલના દેવ યહોવાની વિરુધ્ધ મેં પાપ કર્યું છે, અને મેં ફલાણું ફલાણું કર્યું છે : લૂટ માંહે એક સારો શિનઆરી જામો ને બસો શેકેલ રૂપું, ને પચાસ શેકેલ વજનનું સોનાનું એક પાનું જોઈને તેનો મને લોભ લાગ્યો, ને મેં તે લીધાં; અને જુઓ, તે મારા તંબુ મધ્યે ભૂમિમાં સંતાડેલા છે, ને રૂપું તેની નીચે છે. માટે યહોશુઆએ ખેપિયા મોકલ્યા, ને તેઓ તંબુએ દોડી ગયા; અને જુઓ, તંબુમાં તે સંતાડેલું હતું, ને રૂપું તેની નીચે હતું. અને તંબુમાંથી તે લઈને તેઓએ યહોશુઆની પાસે તથા સર્વ ઈસ્રાએલપુત્રોની પાસે આણ્યાં; અને તેઓએ તે યહોવાની આગળ મૂક્યા.''** (યહોશુઆ ૭:૨૦-૨૩).

કૃપા કરીને આવો આપણે આપણી જાતને તપાસીએ. શું આપણે આપણા જીવનોમાં પાપો સંતાડીએ છીએ? તમે તમારો સમય કેવી રીતે પસાર કરો છો? કોઈક તમને જોઈ રહ્યું છે ત્યારે તમે શું કરો છો? તમે તમારા મોબાઈલમાં કેવા પ્રકારના કાર્યક્રમો જુઓ છો? શું તમે ઈશ્વરની સાથે સમય વિતાવવાને બદલે પ્રસાર માધ્યમો સાથે વધુ સમય વિતાવો છો? શું આપણે આપણી સમસ્યાઓ વિશે વાત કરીએ છીએ કે શું આપણે આપણી ખાતરીઓનો દાવો કરીએ છીએ? શું તમારું છૂપુ જીવન છે? આ સમય છે ઈશ્વર સાથે હૃદયથી વાત કરવાનો. **આપણે બંધ બારણા પાછળ જે કરીએ છીએ તે મહત્વનું છે! ઈશ્વરનું વચન વધુ વાંચો અને વધુ પ્રાર્થના કરો.**

## ૩. નવી શરૂઆતોનું અને આશાનું પ્રતીક!

આખોરની ખીણ જે અપમાન, હાર, ઉચાટ, શરમ અને મરણની પ્રતીક હતી, તે હવે નવી આશાનું અને નવી શરૂઆતોનું પ્રતીક બની હતી. તે હવે આશાનું દ્વાર બની હતી. હોશિયા ૨:૧૫. તે કેવી રીતે શક્ય છે?

આખાનના અને તેના કુટુંબના મૃત્યુ પછી (યહોવા પ્રભુની શિક્ષા), આખી ઈસ્રાએલપ્રજાએ પસ્તાવા સહિત યહોવા પ્રભુને શોધ્યા. એકવાર પાપ સાથે વ્યવહાર કર્યા પછી, યહોવા પ્રભુએ તેમની કૃપા ફરીથી સ્થાપી હતી. હવે તેઓ તેમના પર કોપાયમાન રહ્યા ન હતા. ફરીથી, આપણે વધસ્તંભથી એટલા આશીર્વાદિત થયા છીએ કે હવેથી આપણે કોઈપણ શિક્ષા ભોગવવાની નથી. જ્યારે આપણે આપણા પાપ કબૂલ કરીએ છીએ, ત્યારે તેઓ આપણને માફ કરવાને વિશ્વાસુ છે. **''અને હું તેને ત્યાંથી તેની દ્રાક્ષાવાડીઓ તથા આશાના દ્વાર તરીકે આખીરની ખીણ આપીશ; અને જેમ તે પોતાની જુવાનીના દિવસોમાં તથા પોતે મિસરમાંથી બહાર નીકળી આવી હતી તે દિવસોમાં કરતી તેમ તે ત્યાં ઉત્તર આપશે.''** (હોશિયા ૨:૧૫). તે આશીર્વાદની જગ્યા બની ગઈ.

જ્યારે તમે કદાચ આ વાંચતા હશો, ત્યારે તમે વિચાર કરતા હશો કે તમે એક મરણના છેલ્લા સ્થાને આવ્યા છે; ત્યાંથી આગળ જવાનો માર્ગ નથી; ત્યાં કોઈ આશા નથી; તમારી આસપાસ સઘળુ નકારાત્મક છે; તમે કદાચ હમણા જ નિરાશાજનક સંદેશો સાંભળ્યો હશે; તમે કદાચ વિચારો કે આ એક છેલ્લો છેડો છે, પૂર્ણ વિરામ! મારા વહાલા ભાઈઓ અને બહેનો, પ્રભુ ઈસુ ખ્રિસ્ત આ જગતમાં અશક્ય બાબતોને શક્ય કરવા આવ્યા હતા. તેઓ મૃત ગર્ભમાં જીવન આપવા સમર્થ બન્યા હતા; એક મૂએલા માણસને સજીવન કરવામાં આવ્યો હતો; બંધ આંખો ઉઘાડવામાં આવી હતી; જ્યારે ત્યાં કોઈ માર્ગ નહોતો, તેઓ માર્ગ ખોલવા સામર્થ્યવાન થયા હતા. શું તમે પૂર્ણપણે નિરાશા અનુભવો છો? તેજ જગ્યામાં યહોવા પ્રભુ તમારું માથું ઊંચુ કરશે, જ્યાં તમને શરમમાં મૂકવામાં આવ્યા હતા. તેઓ તમારું શિંગ ઊંચુ કરશે અને તમારા શત્રુની હાજરીમાં તમારા માથે તેલ ચોળશે. તે થવા માટે, આપણે કંઈક કરવાની જરૂર છે. આપણે ઈશ્વરની સાથે પ્રામાણિક રહેવાની જરૂર છે. તેમની દ્રષ્ટિમાં તેમને ન ગમે તેવી બાબતોને જાહેર કરવાની જરૂર છે, અને તેમને માફ કરવા માટે વિનંતી કરવાની અને સહાય માગવાની જરૂર છે, જેથી તેને આપણે ફરી ફરીને વારંવાર ન કરીએ.

ઈશ્વરની સાથેનો આપણો સંબંધ ફરી સ્થાપવો મહત્વનું છે. એકવાર ઈશ્વર સાથેનો આપણો સંબંધ યોગ્ય કરીશું, ત્યારે ઈશ્વર તમારા પૂર્ણવિરામને અલ્પવિરામમાં બદલી દેશે, એક વાર્તા કેટલીક ઉત્સાહભરી, મોટા પાનાઓ સાથે આપણા યહોવા પ્રભુ દ્વારા ચાલુ રાખવામાં આવશે, લખવામાં આવશે. જે સઘળું તમે ગુમાવ્યું છે, તે ફરી મળશે, જ્યારે તમારો ઈશ્વર સાથેનો સંબંધ પૂનઃસ્થાપવામાં આવશે.

તેજ જગ્યા (આખોરની ખીણ) એક અશાંતિ અને પીડાની જગ્યા આરામની જગ્યા બની જશે, જ્યારે તમે યહોવા પ્રભુને શોધશો. **''જે મારા લોકે મને શોધ્યો છે, તેમને સારુ શારોન ઘેટાંના ટોળાના બીડ જેવું થશે, ને આખોરની ખીણ ઢોરોનું વિશ્રામસ્થાન થશે.''** (યશાયા ૬૫:૧૦)

વહાલા ભાઈઓ તથા બહેનો, આખોરની ખીણથી આશાના દ્વાર સુધીની મુસાફરી છે :

- અપમાનિત થવાથી આશા સુધી
- તૂટવાથી કંઈક નવું બાંધવા સુધી
- નિરાશા, હાર, ખિન્નતા, મૃત્યુની મુસાફરીથી એક આલ્હાદાયક છેલ્લા સ્થાન સુધી
- જો આપણે આપણી સમસ્યાઓને અને મુશ્કેલીઓને માટે ઈશ્વર સાથે હાથ મિલાવવાનું નક્કી કરીએ - જેઓ આપણને આશા આપે છે.
- જો આપણે આપણું દુઃખ/આખોરની ખીણને એક શીખવાનો પ્રસંગ બનાવવાનું નક્કી કરીએ.
- જો આપણે જોવાનું નક્કી કરીએ કે, વિપત્તિ ધીરજને અને ધીરજ અનુભવને અને અનુભવ આશાને; તે ક્રમ છે.
- આપણે શીખવાની જરૂર છે કે પહેલા બે વગર-વિપત્તિ અને ધીરજ-આપણને આશા હોઈ શકતી નથી.
- આપણે માનવાની જરૂર છે કે તેમણે મને દોર્યો છે અને તેઓ મારી સાથે મારા પાછલા પ્રસંગોમાં છે, ત્યાં કોઈ માર્ગ નથી, ત્યારે તેઓ હવે છોડી જવાના છે.
- કોઈપણ સુધારો સુખદ અનુભવ નહિ હોય, તે સખત, દુઃખદ અને ઉપદ્રવ કરનાર છે, પણ અંતિમ પરિણામ ચોક્કસ આશીર્વાદ છે.

હું પ્રાર્થના કરું છું કે, જ્યારે તમે આજે તમારી જાતને ઈશ્વરના હાથમાં સમર્પિત કરો છો, તમે માગો કે કલ્પો તે કરતા તેઓ વધારે કરવા સમર્થ છે. ઈસુના નામમાં તમારી આખોરની ખીણ આશાનું દ્વાર બનવા દો!

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ
**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th AUGUST 2023**

**If un-delivered please return to:**

**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**